જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૮/૨૦૨૫ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ
આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ– **સમાચાર યાદી નં. ૧૧૦૬/૨૦૨૫**

વેજલપુર પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૬૬/૨૦૧૦ ઈપીકો કલમ ૩૦૭, ૫૦૬(૨), ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ મુજબ તથા સેશન્સ કેસ નં.૧૯૪/૨૦૨૫ મુજબ ગુનાના કામે આરોપી નંબર–(૧)અનિલ વિષ્ણુ તુકારામ પાટીલ (ઉ.વ.૨૩) (રહે.હરીશ પ્રોવિઝન સ્ટોર, સોરાઈનગર, વાસણા, અમદાવાદ શહેર) તથા નંબર–(૨) રામુ ઉર્ફે અજય લાલજીપ્રતાપ શર્મા (ઉ.વ.૨૩)(રહે. હરીશ પ્રોવિઝન સ્ટોર, સોરાઈનગર, વાસણા, અમદાવાદ શહેર) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નાસતા–ફરતા હોય નામદાર જજ શ્રી એચ.જી.પંડ્યા સાહેબ, સેશન્સ જજ, સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર નાઓ સમક્ષ તા.૧૨/૦૮/૨૦૨૫ ના રોજ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૦૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૧૨૨ લીટર દેશી દારૂ, ૧૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૩ બીયર ટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૧૧ કેસ કરી, ૫૩ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૧,૦૦,૪૬૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૦૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૦૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૧૦૯/૨૦૨૫**

ઘાટલોડીયાઃ કલ્પેશભાઈ શ્રીવિરમાજી ચૌધરી (રહે.સર્વોદયનગર વિભાગ–૦૧, કાલુપુર બેંક સામે, સોલા રોડ, ઘાટલોડીયા) એ તા.૦૬/૦૮/૨૦૨૫ ના રોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૦૭/૨૦૨૫ ના કલાક ૦૯/૦૦ વાગ્યાના સુમારે આરોપી અશોક ચૌધરી નામના ફેસબુક પ્રોફાઈલ ધારક જેનું URL- https://www.facebook.com/अशोक चौधरी છે. તેના ધારક તેમજ મોબાઈલ નંબર ૭૨૦૯૦૭૨૪૪૯ ના ધારકે કલ્પેશભાઈના સાળા કે જેમનુ નામ પણ અશોક ચૌધરી છે તેમનુ નામ ધારણ કરી, અશોક ચૌધરીનો ફોટો ડી.પી.પીક્ચરમાં રાખી, કલ્પેશભાઈ ચૌધરીને ફેસબુક મેસેન્જરમાં તેમના લંડન ખાતે રહેતા સાળાના નામે મેસેજ કરી જણાવેલ કે, “મારે મારા વિઝા રીન્યુ કરવાના હોવાથી હુ તમારા બેંક ખાતામાં રૂપિયા ૩ લાખ ટ્રાન્સફર કરુ છુ. અને તે તમને એકાદ દિવસમાં મળી જશે અને તેની એક સ્લીપનો ફોટો ફેસબુક મેસેન્જરમાં મોકલ્યો હતો. તેમજ હુ એક એજન્ટનો નંબર મોકલુ છુ તેઓ સાથે વાત કરી, રૂપિયા બે લાખ સીત્તેર હજાર મોકલવાના છે” તેમ કહી મોબાઈલ નંબર ૭૨૦૯૦૭૨૪૪૯ ઉપર કોન્ટેક્ટ કરવાનુ કહેતા,

કલ્પેશભાઇ ચૌધરીએ જણાવેલ નંબર ઉપર વોટ્સઅપ મેસેજ કરતા સામેની વ્યક્તિએ પોતાનુ નામ મનોજ કુમાર જણાવેલ હતુ. ત્યારબાદ વોટ્સઅપ મેસેજમાં વિઝાની પ્રોસેસ માટે રૂપિયા બે લાખ સીત્તેર હજાર આપવાનુ કહેતા, જુદા-જુદા બેંક ખાતાઓમાં જુદી-જુદી રકમો મળી કુલ રૂપિયા ૨,૫૦,૦૦૦/- ઓનલાઇન ટ્રાન્સફર કર્યા હતા. તે દરમ્યાન કલ્પેશ ચૌધરીના સાળા અશોક ચૌધરીનો લંડનથી ફોન આવતા તેમની સાથે વાત કરતા જાણવા મળેલ કે તેઓએ આવો કોઇ મેસેજ કરેલ નથી તેમજ વિઝાની કોઇ પ્રોસેસ કરવાની નથી. જેથી અજાણ્યા અશોક ચૌધરી નામના ફેસબુક પેજના ધારકે કલ્પેશ ચૌધરી સાથે વિશ્વાસઘાત અને છેતરપીડી કરી હતી. આ ગુનાની તપાસ ઇ.પો.ઇન્સ.શ્રી એલ.એલ.ચાવડા ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૧૧૦/૨૦૨૫**

વસ્ત્રાપુરઃ દિપકકુમાર શંકરભાઇ પટેલ (ઉ.વ.૬૩)(રહે.આદિત્ય રેસીડેન્સી થલતેજ ફાયર સ્ટેશન રોડ થલતેજ)એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૦૮/૨૦૨૫ સાંજના ૪/૦૦ થી તા.૦૬/૦૮/૨૦૨૫ બપોરના ૧/૧૫ વાગ્યા દરમ્યાન દિપકકુમાર પટેલના બનેવી અશોકકુમાર દેવીપ્રસાદ પટેલ નાઓના થલતેજ ગુલાબટાવર પાસે, સોમેશ્વર પાર્ક વિભાગ-૩, ઉપેન્દ્રપાર્કમા આવેલ મકાન નંબર-યુ/૧૩૦ ના દરવાજાનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમા પ્રવેશ કરી, મકાનમાથી (૧) ચાંદીના રીયલમોતીના સેટ નંગ-૫ કિંમત રૂપિયા ૧૫,૦૦૦/- (૨) ચાંદીના ૧૦ ગ્રામના સિક્કા નંગ-૭ કિંમત રૂપિયા ૭,૦૦૦/- (૩) ચાંદીના ૨૦ ગ્રામના સિક્કા નંગ-૬ કિંમત રૂપિયા ૧૨,૦૦૦/- (૪) ચાંદીના ૫૦ ગ્રામના સિક્કા નંગ-૨ કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- (૫) ચાંદીની લક્ષ્મીજીની મુર્તી કિંમત રૂપિયા ૫,૦૦૦/- (૬) ચાંદીની ગણેશજીની મુર્તી નંગ-૨ કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- (૭) ચાંદીનુ ભગવાનનુ યંત્ર કિંમત રૂપિયા ૫,૦૦૦/- (૮) ચાંદીની કંકાવટી કિંમત રૂપિયા ૩,૦૦૦/- અને (૯) ચાંદીની દિવી કિંમત રૂપિયા ૨,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૯,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.ગઢવી ચલાવે છે.

કાલુપુરઃ ઇલીયાસગુલામ અહેમદ શેખ (ઉ.વ.૫૭)(રહે.સના એપાર્ટમેન્ટ ગલી નંબર-૮ સોંદાગર ની પોળ કાલુપુર) એ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૬/૦૮/૨૦૨૫ બપોરના ૧૨/૦૦ થી બપોરના ૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમા પ્રવેશ કરી, મકાનમાથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧૬,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૨૯,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પ્રો.પો.સ.ઇ.શ્રી એ.પી.શ્રીમાળી ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૧૧૧/૨૦૨૫**

ચાંદખેડાઃ ઉદયભાઇ કુમુદચંદ્ર ઘીયા(વાણીયા) (ઉ.વ.૪૫)(રહે, સમન્વય રેસિડેન્સી, આનંદ સ્કાય સામે, ન્યુ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૮/૨૦૨૫ સવારના ૫/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જગમલભાઈ સુકાજી ચલાવે છે.

શાહીબાગઃ અજય નગીનભાઇ માનવાલા (ઉ.વ.૨૧)(રહે, કડિયાની ચાલી અસારવા શાહીબાગ) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૮/૨૦૨૫ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી બાબુભાઇ મરતાજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી